# Shree Prajapati Association Birmingham

Charity No: 1034580 2014 Edition Issue 2.1, January 2014


## ગુજરાતી વર્ગ

શું તમે તમારી માતૃભાષા માં વાંચી, લખી કે બોલી નથી શકતા? તમે આજે જ શ્રી પ્રજાપતિ સમાજ માં ચાલતા ગુજરાતી વર્ગ માં જોડાવો.

**સમય:** સાંજે ૭:૧૫ થી રાત્રે ૮:૪૫ સુધી

**સંપર્ક:** શ્રીમતિ નયનાબેન એન મિસ્ત્રી, ફોન ૦૧૨૧ ૩૫૫ ૨૦૪૯

**અંદાજે ખર્ચ કેટલો?** ટર્મ ના માત્ર ૨૦ પૌંડ

## સ્ટેન્ડિંગ ઓર્ડર અપીલ

હાલની યુકે ની મંદી ને ધ્યાનમાં લઇને હોલ ને ભાડે આપવાની માંગ માં ઘરખમ ઘટાડો અનુભવી એ છીએ જેનાથી આપ સૌ વાકેફ છો. આમ છતાં આપણા સમાજ અને આપણી સંસ્કુતિને જાળવી રાખવી એ આપણા સૌની ફરજ બને છે. આ હકિકતને ધ્યાનમાં લઇ જરૂરી ફંડફાળો ઊઘરાવવા સમાજે એક સ્ટેન્ડિંગ ઓડર ફોર્મની વ્યવસ્થા કરેલ છે. આ ફોર્મ ભરવું ખરેખર સહેલું છે. આમ છતાં તમને તકલીફ ન પડે એટલા માટે તમારા વિસ્તારના કાર્યકર્તા તમને ટૂંક સમયમાં મળશે અને બધું વિગતે સમજાવશે. ત્યારબાદ તમને યોગ્ય લાગે તો સ્વેચ્છાએ આગળ આવી દાન નોંધાવવા વિનંતિ.

## પ્રમુખ શ્રી નો સંદેશ

સૌને નમસ્તે, જયશ્રી કૃષ્ણ અને નૂતન વર્ષાભિનંદન

મને ફરી એકવાર ૨૦૧૪ ની સાલ માટે બર્મિંગશાખા ના પ્રમુખ તરીકે ની જવાબદારી સોંપવા માટે હું આપ સૌનો આભારી છું. સમાજને ફરી એકવાર આગળ લઇ જવાની તક ને હું હૃદયપૂર્વક સ્વીકાર કરું છું. આપણી પાસે એક તરુણ પણ ઉગ્ર ધગશ વાળી સમિતિ છે જે તેમના નવિન વિચારો આપણી સમક્ષ રજુ કરશે એવી આશા રાખું છું. આ કાર્ય માં સફળ થવા માટે સૂક્ષ્મ દ્રષ્ટિ, જરૂરી સમજશકિત, આપણા રીત રિવાજ ની સમજણ, આયોજન અને તે માટે ની પ્રતિબદ્ધતા અગ્ત્યના હોય છે જેનાથી તેઓ વાકેફ છે.

દિવાળી કાર્યક્રમની જોરદાર સફળતા થી ગત વર્ષ સંપૂર્ણ થયું. આપણા નાના ભૂલકાં અને સાંપદ એશિયન આર્ટસે સૌને આનંદ વિભોર કરતો મનોરંજન કાર્યક્રમ પુરો પાડ્યો. આપણા વડીલોએ પણ તેમની ક્રિસમસ પાર્ટી ધામધૂમથી ઉજવી. આમ છતાં ખેદ સાથે કહેવું પડે કે એમાં આપણા સભ્યો ની ખરેખર ઊણપ રહી. એ માટે તમે તમારી જાત ને જ સવાલ કરો શા માટે?

આ વર્ષનો મુખ્ય ધ્યેય આપ સૌની સાથેનો સંદેશ વ્યવહાર સુધારવા નો રહેશે. આ વર્ષે અમારો ધ્યેય જેમ બને તેમ વધુ ફંડ એકત્ર કરી સમાજ ના મકાનનું મરમ્મત પુરું કરી શકીએ તે સાથે સાથે અન્ય ચેરિટી સંસ્થા અને દુનિયા માં થતી મોટી હોનારત માં પણ મદદ મોકલી શકાય તેજ છે.

સમાજ મકાન ના મરમ્મત ના બાકી ના કામો પૈકી, સ્ટેજની પાછળનો રૂમ, આગળનો પ્રવેશ દ્વાર, ઓફિસ, ટોઇલેટસ અને બાકી રહેલા મકાન નુ રંગરોગાન મુખ્ય છે. આ બધા કામો પુરા કરવા હમો ને સધ્ધર રકમ તથા આપના પુરા સાથ અને સહકારની જરૂર પડશે.

હમો ગયા વર્ષે સાંપડેલ ધાર્મિક કાર્યક્રમો ની સફળતા તેમજ પાવર પોઇન્ટ પર આપેલ સમજ વગેરે ને આ વર્ષે પણ ચાલુ રાખવા ના તમામ પ્રયાસો કરીશું. આ બાબતે વડીલો અમને પુરો સાથ અને સહકાર આપે એવી અપેક્ષા રાખું છું. જો તમે સમાજમાં આવશો તો જ તમારા બાળકો ને સમાજ ના કાર્યક્રમમાં ભાગ લેવા હિમ્મત આવશે.

આશા રાખું સમાજની યુવા પેઢી નવા ચૂંટાયેલ યુથ લીડર શ્રી નિખિલભાઇ વીનોદભાઇ મિસ્ત્રી ને તેમનો પુરો ટેકો આપશે. તે સાથે જ મને વિશ્વાસ છે કે જુની યુવા સમિતિ એમને જરૂરી માર્ગદર્શન અને મદદ કરશે જ.

સમાજ ના ડ્રાફ્ટ બંધારણ ને આ દેશના નવા ૨૦૧૧ ના કાયદા ને આધીન ચેરિટી કમીશનની અનુમતિ મળી છે. તે સાથે તેને મધ્યસ્થ સંસ્થાની મંજૂરી પણ તા. ૧૯મી જાન્યુઆરી ૨૦૧૪ મળી છે. એ બંધારણ ને હવે ફક્ત આપ સૌની અનુમતિ ની જરૂર છે જે હમો ૫મી એપ્રિલ ના મેળવવા ઇચ્છીએ છીએ. આશા છે આપ સૌ મોટી સંખ્યા માં હાજર રહી આપનો સાથ નોંધાવશો.

ઉપરોક્ત નિર્ધારિત કામો ની સફળતા આપ સૌના સહકાર અને મદદ વિના ખરેખર શક્ય નથી. સમાજની સફળતા એ દરેક સભ્યની જવાબદારી છે. આપણે સૌ પ્રજાપતિ છીએ એવો આપણે સૌને ગર્વ હોવો જોઇએ.

અંતે જેમણે પોતાના કિમતી સમય નો ભોગ આપી અમને મદદ કરી છે એ સર્વે નો હું હાર્દિક આભાર માનું છું. આપ સૌનો ફક્ત સાથ અને સહકાર મળે એજ તો હમો હંમેશા ઇચ્છીએ છીએ. છેલ્લે આપ સૌ આપના બાળકો ને સમાજમાં આવવા પ્રેરિત કરશો એજ અભ્યર્થના સાથે,

ફરી એકવાર સૌને જયશ્રી કૃષ્ણ

પ્રજાપતિ છો એનો હંમેશા ગર્વ રાખો

**લિ. વિપુલભાઇ હરકિશનભાઇ મિસ્ત્રી**

## સમાજ સ્નેહ સંમેલન

**હેતુ:** પ્રજાપતિ સમુદાયમાં સામાજિક સંબંધો ને ફરી થી પ્રચલિત કરવા, આપણા કુળ, ધર્મ અને સંસ્કાર ને જાળવવા, તથા સમાન વિચારો ધરાવતા પ્રજાપતિ ઓ સાથે સ્નેહ સંમેલન. **ક્યાં?** સમાજ ના હોલ માં **ક્યારે?** શુક્રવાર, તા. ૨૮ માર્ચ ૨૦૧૪, સાંજે ૭:૦૦ થી ૯:૩૦ સુધી. ભોજન ની સગવડ કરેલ છે. તમને ગમતું પીણું ઘરે થી લાવવા વિનંતિ. ઉદાર હાથે આપેલ દાન સ્વીકારાશે. વધુ માહિતી માટે સુમિબેન નરેન્દ્રભાઇ મિસ્ત્રી ને 07949 187709 અથવા જયશ્રીબેન દિલિપભાઇ દાજી ને 0774 607 3311 ફોન કરવા વિનંતિ.

## સમાજ મા ચાલતી નિયમિત પ્રવૃત્તિઓ

**બેડમિન્ટન:** દર સોમવારે, સાંજે ૭:૩૦ બાદ

**વડીલો નુ મિલન:** દર મહિના ના બીજા બુધવારે

**ગુજરાતી વર્ગ:** દર ગુરૂવારે, સાંજે ૭:૧૫ થી ૮:૪૫

**માસિક સભા:** દર મહિના ના પહેલા ગુરૂવારે બુધવારે

**શ્રી સત્ય સાંઇબાબા ભજન:** દર ગુરૂવારે, સાંજે ૭:૩૦ થી ૯:૦૦

**યોગા વર્ગ (વિના મુલ્યે):** દર ગુરૂવારે, સાંજે ૭:૦૦ થી ૮:૦૦

## Announcements

**Membership Form / ID card:**
**Life Membership**
£25 per person

**Annual Membership**
£5 per person

**Hall Bookings**
Shri Gulabbhai Vallabhbhai Mistry on mobile:
0782 155 7417,
or e-mail:
spabirmingham@btinternet.com

**Address book Updates:**
Contact the branch Secretary,
Shri Miteshbhai A Mistry


***249 Warwick Road***

***Greet***

***Birmingham***

***B11 2QX***

***United Kingdom***

***TEL: 0121 708 0695,***

***Mobile: 0781 394 5322***

**E-Mail:**
mitesh_mistry81@yahoo.co.uk
secretary@spabirmingham.org.uk
***Web Site:***

***www.spabirmingham.org.uk***


***Be Proud to be Prajapati***

## વિશ્વકર્મા જયંતી મહોત્સવ અને મહાશિવરાત્રિ ભજન



**વિશ્વના સર્જનહાર શ્રી વિશ્વકર્મા પ્રભુ નો જન્મ દિવસ**
**તારીખ:** ૧લી માર્ચ ૨૦૧૪ ને શનિવારે
**સ્થળ:** સમાજ હોલ
**સમય:** સાંજે ૫:૦૦ થી૭:૦૦ ત્યારબાદ ભગવાન શ્રી વિશ્વકર્મા વિષે પાવર પોઇન્ટ પર સમજણ

આપણા સહુ પરિવારનો ભકિત ભર્યો ભાવ સાકાર કરવાનો શુભ દિવસ એટલે "શ્રી વિશ્વકર્મા દાદા જયંતિ મહોત્સવ". આદિ કાળમાં સૃષ્ટિની રચના માટે બ્રહ્માએ ચાર થી પાંચ વાર તપસ્યા કરી ત્યારે દરેક વખતે એક એક મુખની વૃદ્ધિ થઈ. ઊર્દ્વ મુખમાંથી નાદની ઉત્પત્તિ થઈ, નાદથી ઓમ ની તથા ઓમ થી સમસ્ત વેદશાસ્ત્ર ની રચના થઈ. આમ અનેક જ્ઞાનથી બ્રહ્માએ સૃષ્ટિ સર્જી પણ સૃષ્ટિનો કોઈ આધાર ન હતો, આ માટે ભગવાન વિશ્વકર્મા ને તેનું નિર્માણ કાર્ય સોંપ્યું.

શ્રી વિશ્વકર્મા આ સંસાર અને સંસ્કૃતિ ના પ્રથમ અવિષ્કારક રહ્યા છે. જયારે મનુષ્ય પ્રાકૃતિક અવસ્થામાં ખાવા માટે ફળ ફૂલ કે કંદના પાંદડાનો ઉપયોગ કરતો અને રહેવા માટે ગુફા ઓ જ માત્ર હતી ત્યારથી આજ સુધીની ઉન્નતિની આ અવસ્થા સુધી પહોંચવા માટેનું શ્રેય વિશ્વકર્મા શિલ્પ વિજ્ઞાનને જાય છે. આજના આ ભિન્ન ભિન્ન પ્રકારના આવાસો, નિવાસ સ્થાનો, રૂપ સંપન્ન વસ્ત્રો, અને ગતિ ચાલક યંત્ર સાધનો માં પણ શિલ્પ વિજ્ઞાનનું ઘણું યોગદાન દ્રષ્ટિકોણ થાય છે.

આપણા પ્રજાપતિ સમાજ ના આરાધ્ય દેવતા મુખ્ય શ્રી વિશ્વકર્મા ભગવાન છે. શ્રી વિશ્વકર્મા ભગવાનના વંશજ પ્રજાપતિ હતા. આપણી સૃષ્ટિ ના સર્જનહાર ભગવાન શ્રી બ્રહ્મા હતા. શ્રી બ્રહ્મા ભગવાન પણ પ્રજાપતિ હતા. આપણું ગૌત્ર બ્રાહ્મણી માતા છે. માં બ્રાહ્મણી માતાનું મંદિર ઉંજામાં આવેલું છે.

આમ જોઈએ તો આપણા ભારત દેશ અને પરદેશમાં પ્રજાપતિઓની ઘણી બધી વસ્તી છે. દરેક શહેર અને ગામોમાં તેમજ વિદેશમાં આપણો પ્રજાપતિ સમાજનો વિસ્તાર ફેલાયેલા છે. ભારત દેશના પ્રજાપતિનો ઈતિહાસ, ભારત દેશના સાંસ્કૃતિક જેટલા પુરાણો છે એટલો જ પુરાણો સમાજ આપણી પ્રજાપતિ જ્ઞાતિનો છે.



શીવભક્તો માટે શીવભક્તી અને ઉપાસનાનો અનેરો દીવસ એટલે મહાશીવરાત્રી.
આ વર્ષે મહાશીવરાત્રી શુક્રવાર તા ૨૮મી ફેબ્રુઆરી ના આવે છે. તે નિમિત્તે સમાજ તરફથી શનિવાર તા. ૧લી માર્ચ ૨૦૧૪ ને શનિવારે ભજન નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે તેમાં આપ સૌને આવવા ભાવભર્યું આમંત્રણ છે.

## રામ નવમી/હનુમાન જયંતી ભજન

રામ નવમી એ ભગવાન શ્રી રામનો જન્મોત્સવ છે એટલે શનિવાર તા. ૫મી એપ્રિલ ૨૦૧૪ ના સમાજ તરફ થી હનુમાન ચાલીસા અને રામ ભજન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેમાં પધારવા આપ સૌને ભાવભીનું આમંત્રણ છે. આ બાબતે વધુ માહિતી ટૂંક સમયમાં આપવામાં આવશે.

## વડીલોએ ધામધૂમથી ઉજવી ક્રિસમસ

વડીલોએ ક્રિસમસ પાર્ટી તા. ૮મી ડિસેમ્બર ૨૦૧૩ના, ૯૦ જેટલા સભ્યો ની હાજરીમાં જાઝ ગ્રુપ ના સંગીત અને ૩ કોર્સ મીલ સાથે ધામધૂમથી ઉજવી.

## યુવા ટીમ

યુવા ટીમ નો ૨૦૧૪ નો મુખ્ય ઉદ્દેશ છે તેમના તમામ સભ્યો ને નવીન પ્રવૃત્તિ અને અનુભવો ની તક પુરી પાડવી. ગત વર્ષની બાઇક રાઇડ ની સફળતા ને ધ્યાનમાં રાખી આ વર્ષે સમર દરમ્યાન એવી જ વધુ બાઇક રાઇડની વ્યવસ્થા કરવા વિચાર્યું છે. તે સાથે હમો નવોદિત માટે માઉન્ટેઇન બાઈકીંગ, તેમજ ગોલ્ફ ડ્રાઈવિંગ રેન્જ અને ગો એઇપ જેવી રમતો નું પણ આયોજન કરવા વિચારી રહ્યા છીએ. વધુ માહિતી માટે સમાજ ના ઈ મેઈલ લિસ્ટ પર તમારૂ નામ હોવું અત્યંત જરૂરી છે. વધુ માહિતી માટે નિખિલભાઈ વીનોદભાઈ મિસ્ત્રી ને 07515 279 349 ફોન કરવા વિનંતિ.

## આહાર સ્વચ્છતાની તાલીમ

ઉપરોક્ત ટ્રેનિંગ કોર્સ તા. ૯મી માર્ચ ૨૦૧૪ ને રવિવારે સમાજ ના હોલમાં સવારે ૯:૩૦ થી ૪:૩૦ દરમ્યાન હશે જેની કૂલ ફી ૩૫ પૌંડ છે.
ભાગ લેવાની ઈચ્છા હોય તેમને જોઆન ગુજર ને 0794 443 5093 પર ફોન કરી તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૪ સુધી માં નામ નોંધાવવા વિનંતિ.

## જુની નકામી વસ્તુને રીસાઇકલ કરો

તમારા જુના નકામા અથવા નહિ વપરાયેલ લેપ ટોપ, મોબાઇલ ફોન, કેમેરા, પીડીએ, ઇંક જેટ પ્રીન્ટરો, ટેબલટેસ વગેરે ને ફેંકી દેવા કરતા સમાજ માં મોકલાવો જે એ બધાને રીસાઇકલ કરવા મોકલાવશે. એમાંથી થતી આવક સમાજ ના ફંડ ફાળા માં વાપરવામાં આવશે. વધુ માહિતી માટે શ્રી વિપુલભાઇ નો 07968776304 પર સંપર્ક સાધો.

## મૃત્યુનોંધ

હમો ને જણાવતા ઘણો જ ખેદ થાય છે કે આપણા બે વડીલ સભ્યો સ્વર્ગવાસ પામ્યા છે.
ગં.સ્વ. લાડુબેન નરોત્તમભાઇ મિસ્ત્રી તા.૩૦મી ડિસેમ્બર ૨૦૧૩ અને ગં.સ્વ. અંબાબેન વશનજીભાઇ મિસ્ત્રી તા.૨૨મી જાન્યુઆરી ૨૦૧૪.
પ્રભુ એ બન્ને સદગત ના આત્મા ને શાંતિ અર્પો અને એમના કુટુંબીજનો ને એમની ખોટ સહન કરવાની શકિત આપો.
ૐ શાંતિ શાંતિ શાંતિ